જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૧૧/૨૦૧૬ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૧૪/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી ૧૮૩ લીટર દેશી દારૂ, ૪૫ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ રીક્ષા કબજે કરી હતી

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૧૫/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૬૦ વ્યક્તિઓની અને પ્રોહી.૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૨૨૧૬/૧૬**

**ચાંદખેડાઃ** કમલેશભાઈ વાસુદેવભાઈ રાજપુત (રહે. અતિશય રેસીડેન્સી મોટેરા કોટેશ્વર રોડ મોટેરા) એ તા.૨૯/૧૧/૧૬ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૧૦/૧૬ થી તા.૨૯/૧૦/૧૬ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી (૧) અમીત હસમુખલાલ દોશી (૨) સીમા અમીત દોશી (બંને રહે, દેવ રેસીડેન્સી રસમધુર પાછળ આંબાવાડી એલીસબ્રીજ) ભેગા મળી કમલેશભાઇને તેમના કબજા ભોગવટા વાળી દુકાન રજીસ્ટર બાનાખત કરી રૂપિયા ૭,૦૦,૦૦૦/- માં બાનાખત કરી આપેલ હોવા છતા ગાંધીનગર વિસત હાઈવે ઉપર આવેલ બાલાજી કોમ્પલેક્ષ પહેલા માળે આવેલ દુકાન નં-૧ નો વેચાણ દસ્તાવેજ રૂપિયા ૨૭,૧૯,૦૦૦/- માં પુષ્પાબેન મોહનલાલ શાહ નાઓને વેચાણ દસ્તાવેજ કરી આપેલ હોય એક જ મિલકત કમલેશભાઇ તથા અન્યને વેચી કમલેશભાઇ પાસેથી રૂપીયા ૭,૦૦,૦૦૦/- નું અવેજ લઈ, વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પોસઇશ્રી એમ.કે.બાંગા ચલાવે છે.

**ખાડીયાઃ** રજનીશભાઇ અશ્વિનભાઈ સ્વદાસ (રહે. કલ્ગી એપાર્ટમેન્ટ દોશીવાડાની પોળ કાલુપુર) એ તા.૨૯/૧૧/૧૬ નારોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૧૦/૧૬ બપોરના ૨/૦૦ થી તા.૨૪/૧૦/૧૬ રાતના ૯/૦૦ વાગ્યા દરમ્યાન આરોપી હફિઝુલ ઉર્ફે પિન્ટુ તથા સદામ શેખ (બંને રહે. મુળ ગામ-પંટરામુશાપુર ઓરંમાપુર જિલ્લો-હુગલી પશ્ચિમ બંગાળ) નાઓને રજનીશભાઇએ દાગીના બનાવવા માટે કુલ સોનું કિંમત રૂપિયા ૨૬,૨૦,૦૦૦/- આપ્યુ હતુ. જે રજનીશભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી તમામ સોનું લઇ પલાયન થઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.ડી .પરમાર ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૨૧૭/૧૬**

**વટવાઃ** પરાસર જુગતરામ ત્રિવેદી (રહે. ઊર્મીકુંજ ફ્લેટ ગોરધનવાડી ચાર રસ્તા મણીનગર) એ તા.૨૯/૧૧/૧૬ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૧૧/૧૬ સાંજના ૭/૦૦ થી રાતના ૮/૦૦ વાગ્યા દરમ્યાન જેતલપુર ગામના ટાટા ટેલીકોમ સર્વિસ લી.બી.પી.લોજીસટીક પ્રા.લી.કંપનીના ગોડાઉનના કમ્પાઉન્ડમાંથી ટેલીફોનના કોપરના ૨૦૦/- પેર ના કુલ ૬ બંડલ કોપર વાયર કુલ ૨૫૩ મીટર કિમત રૂપિયા ૯૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.ગોહીલ ચલાવે છે.

**સરદારનગરઃ** મારીયાબહેન લીંકન રોજીરીયા (રહે. હાઉસીંગ સોસાયટી ભદ્રેશ્વર સરદારનગર) એ તા.૨૯/૧૧/૧૬ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાના ઘરે કામ કરતો આરોપી અમરતભાઇ મગનભાઇ રાઠોડ તા.૨૦/૧૧/૧૬ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે ઘરની તિજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૭૧,૦૦૦- મતાની ચોરી કરી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ બી ઝાલા ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૨૨૧૮/૧૬**

**ઘાટલોડીયાઃ** કૈલાશબહેન વા/ઓ ચંદુલાલ મહેતા (ઉ.વ.૬૮)(રહે,અંબીકા રેસીડેન્સી સેન્ટ્રલ બેન્કની બાજુમાં સી.પી.નગર ઘાટલોડીયા) તા.૨૯/૧૧/૧૬ બપોરનાં ૬/૦૦ વાગ્યાનાં સુમારે અર્જુન રત્નમ એપાર્ટમેન્ટની સામેથી ચાલતા પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ કૈલાશબહેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કૈલાશબહેન મહેતાએ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એન.બારીયા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૨૧૯/૧૬**

**શહેરકોટડાઃ** લક્ષ્મીબેન ગોમતભાઇ રાઠોડ (ઉ.વ.૩૨)(રહે,પોપટલાલ મોહનલાલની ચાલી સીટી ગોલ્ડ સિનેમા પાસે) માનશીક રીતે હતાશ રહેતા હોઇ તા.૨૯/૧૧/૧૬ બપોરનાં ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજુભાઇ શંકરભાઇ ચલાવે છે.

**બાપુનગરઃ** હરગોવિંદભાઇ રામજીભાઇ શ્રીમાળી (ઉ.વ.૭૫) (રહે. ગવર્મેન્ટ ઇ કોલોની બાપુનગર) છેલ્લા ત્રણ મહિનાથી એકલવાયુ જીવન જીવતા હોઈ મનમાં લાગી આવતા તા.૨૯/૧૧/૧૬ કલાક ૧૦/૪૫ વાગ્યા પહેલા કોઇ પણ સમયે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ શ્રી હસમુખસિંહ ગંભીરસિંહ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**મેઘાણીનગરઃ** જીનલ અનિલભાઇ સાધુ (ઉ.વ.૧૮) (રહે. ઓમકારનગરની ચાલી લક્ષ્મીનગર પાસે છેલ્લા બસ સ્ટેન્ડ મેઘાણીનગર) એ બિમારીથી કંટાળી તા.૨૯/૧૧/૧૬ બપોરના ૩/૩૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ શ્રી દિલીપસિંહ ગંભીરસિંહ ચલાવે છે.

**ગાયકવાડ હવેલીઃ** આફીયા રફીકભાઇ પહેલવાન (ઉ.વ ૧૭) (રહે.પાંચ પીપળી,કંગાલપુરી,જમાલપુર) એ કોઈ કારણસર તા.૨૮/૧૧/૧૬ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગાયકવાડ હવેલી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ શ્રી એસ.ડી.કલારા ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)